

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*પાંસઠે નિવૃત્ત થશો તો દેશ-સેવા કરશે કોણ?*
*'પડી ગ્યા છો એકલા' પછી સમાજને તારશે કોણ ?*
*મર્યાદા હોય નહીં ઉંમરની સત્તાધીશોને કદી -*
*ગમતી સવા ન મળે તો રિસામણે બેસસે કોણ ?*
*(બિચારા વૃદ્ધ નેતાઓને 'સેવા'એ પકડી રાખ્યા છે)*

**હાઈકુ**

*સત્તાધીશો ને -*
*રાખે દોડતા કોર્ટ -*
*ચાબખા મારી...*

*સેવામાં પણ,*
*બાંધો વય મર્યાદા -*
*સેવકો માટે....*

## ચિંતન

*પ્રારભ્યતે ન ખલુ વિઘ્નભયેન નીચૈ:*
*પ્રારભ્ય વિઘ્નવિહિતા વિરમન્તિ મધ્યા : ।*
*વિઘ્નૈ: પુન:પુનરપિ પ્રતિહન્યમાના :*
*પ્રારભ્ય ચોત્તમજના ન પરિત્યજન્તિ ॥*

ઉપરોક્ત શ્લોક 'ડીવાઈન સંસ્કૃત સુભાષિત'માંથી લેવામાં આવેલ છે.
વિઘ્નભયથી શરુ કરેના કાર્ય કોઈ નચ જનો
કરી આરંભ નક્કી અટકે વિઘ્વ આવતાં મધ્યમ જનો
વારંવાર વિઘ્નો આવી પરેશાન કરતા છતાં
ઉત્તમજનો આરંભ્યા પછી કાર્ય કદી ના છોડતા.

નવું સાહસ, કામ કે કોઈ પ્રારંભ શંકાશીલ હૃદયે કે વિધા પૂર્ણ મનોદશા - આ કામ મારાથી થશે કે નહીં 'એવા ભાવથી જો કરવામાં આવે તો તે કદી પણ પૂર્ણ થતું નથી.' હિંમતે મર્દા' કરીને કોઈ પણ કામ 'યા હોમ' કરી શરૂ કરવું જોઈએ.

## સુવિચાર

- ચૂમ લેતા હું હર મુશ્કિલોં કો..., મૈં અરપના માન કર,
  જિંદગી કૈસી ભી હૈ આખિર હૈ તો મેરી - **ગુલઝાર**
- જે કળા અને સાહિત્યમાં નિષ્ફળ થાય એ વિવેચક બનશે - **ડિઝરાયેલી**
- જીવન એવું ટૂંકું નથી કે આપણે વિનમ્રતા કે સુશીલતા ન શીખી શકીએ
  વિનયી બનતા વર્ષો લાગતા નથી - **એમર્સન**
- જો તમારે સફળતાની સીડી ચડવી હશે તો ખિસ્સામાં હાથ રાખીને નહીં ચડી શકાય - **ફ્રેન્ચ કહેવત**
- જેને જગતના ભોગ-વિલાસ ડગાવી શકતા નતી તે સમગ્ર જગતને
  ડોલાવવાની શક્તિ રાખે છે - **બોધિવૃક્ષ**
- જેનો સંકલ્પ દૃઢ અને અટલ હોય છે, તે દુનિયાને પોતાના બીબામાં ઢાળી શકે છે - **કવિ ગેટે**
- આજનું ઔષધ : બાળકો પથારીમાં પેશાભ કરતા હોય તો કાળા તલ ચાવીને ખાવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

એક માણસે કાળી ચૌદસને દિવસે ઘોર ઉપાસના કરી ભૂતને વશ કર્યું. વશ તો કર્યું પણ ભૂતે કહ્યું હું એક કલાક પણ નવરું બેસી નહીં રહું. જો તમે મને કામ આપવાનું બંધ કરશો કે થાકી જશો તે દિવસે હું તમને મારી નાખીશ. માણસે તો એવા ઘણા કામનું લીસ્ટ તૈયાર જ રાખ્યું હતું, એક પછી એક કામ સોંપ્યા કહ્યું, 'સાધકે ધાર્યું હતું કે ભૂતને જે કામ કરતા છ કલાક લાગશે પણ ભૂત તે કામ ત્રણ કલાકમાં પૂરું કરી આવી જતું. થોડા દિવસ આમ ચાલ્યું. સાધક કંઈ ને કંઈ કામ બતાવી ભૂતને બીઝી રાખતો. હવે કામ પણ ખૂટ્યા હતા. ભૂતે કહ્યું, 'માલિક જો કામ ખૂટી જાય તો શરત પ્રમાણે તમે તૈયાર રહેજો.'' સાધક હવે ગભરાયો. તેણે પોતાના ગુરુને પૂછ્યું, 'મહારાજ, મને બચાવો. આ ભૂતને વશમાં તો કર્યું. પમ હવે મારી પાસે તેને સોંપવા માટે કામ રહ્યું નથી.' ગુરુ અનુભવી હતાં તેમણે સાધકને કહ્યું, 'અરે ભાઈ, આટલી વાતમાં કેમ ગભરાઈ ગયો ?' એક કામ એવું છે જે ભૂતથી થશે જ નહીં. એને કહી જો કે આ કૂતરાની પૂંછડી સીધી કરી લાવ. ભૂત ગમે તેટલું કરશે પણ એનાથી કૂતરાની પૂંછડી સીધી થશે જ નહીં. અને ભૂત કામથી કયારેય નવરું નહીં પડે.' સાધકે ભૂતને કૂતરાંની પૂંછડી સીધી કરવાનું કામ સોંપ્યું અને ભૂત નવરું પડ્યું જ નહીં. અહંભાવનું પણ કૂતરાની પૂંછડી જેવું છે. અહં ઓગળે તો આત્મા તરી શકે.

# રાજયમાં હજુ સ્થિતિ સારી નથી

**તંત્રીસ્થાનેથી...**

કોરોના વાઈરસનો કહેર ઘટવાને બદલે વધતો જાય છે. અડસઠ દિવસના અંતે તંત્ર ગમે તે દાવા કરતું હોય તો પણ સ્થિતિ દિનપ્રતિદિન વખરતી જાય છે. રાજયમાં ૧૫ હજારથી વધુ કોરોના દર્દીઓની સંખ્યા થઈ છે. અને ૭,૫૪૭ દર્દીઓ સ્વસ્થ થયા છે તેવી વાત રજૂ કરી આશ્વાસન અપાય છે કે આપણો રીકવરી રેટ સુધર્યો છે. પરંતુ આ જ આશ્વાસનથી સ્થિતિ સુધરી હોય એવું અનુભવાતું નથી. દેશના બધા જ રાજયો કરતાં મૃત્યુદરનું પ્રમાણ ગુજરાતમાં વધારે છે. દેશમાં સૌથી વધુ કેસ ધરાવતા મહારાષ્ટ્ર કરતાં પણ ગુજરાતમાં મૃત્યુદર વધારે છે. ગઈકાલના આંકડાને આધારે ગુજરાતનો મૃત્યુદર ૬.૧૭ ટકા છે, જે મહારાષ્ટ્ર, દિલ્હી અને તામિલનાડુ કરતાં પણ વધારે છે. છેલ્લા બે મહિનાથી વેન્ટીલેટર પર રહેતા દર્દીઓની સંખ્યા જે ૧૫-૨૫ થી વચ્ચે રહેતી હતી તે હવે ૯૦ થી ૧૦૦ સુધી પહોંચતા ચિંતા ગંભીર બની છે.

રોજેરોજ છેલ્લા ત્રણ દિવસથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વેન્ટિલેટર ખૂટતા જાય છે. સુરત અને જામનગરથી વેન્ટીલેટર મંગાવાયા છે. છતાં પણ હજુ વેન્ટીલેટર ઘટ રોજેરોજ વર્તાય છે.

મીડિયા, વિરોધ પક્ષો અને ન્યાયતંત્ર છેલ્લા ચાર દિવસથી ટેસ્ટીંગનું પ્રમાણ વધારવાની માંગણી કરી રહ્યા હોવા છતાં હજુ ગુજરાત દેશનાં ૧૦મા સ્થાને છે. ગઈ કાલ સુધી ૧,૮૯,૩૧૩ ટેસ્ટ કરાયા એટલે કે વસ્તીના ૦.૩૧ ટકા ગણી શકાય. જયારે દિલ્હી અને ગોવાનું ટેસ્ટીંગ પ્રમાણ વસ્તીના ૧.૧૦ ટકા છે. આ ઉપરાંત તામિલનાડુ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, હરિયાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્ર પણ ગુજરાત કરતાં ટેસ્ટીંગનાં પ્રમાણમાં આગળ છે. આમ ગુજરાત ૧૦ મા સ્થાને છે. મૃત્યુદરમાં પ્રથમ સ્થાને છે. અને દેશમાં પોઝીટીવ ટેસ્ટ આપવામાં ચોથા સ્થાને છે. સંખ્યાની દૃષ્ટિએ ત્રીજા સ્થાને છે. આમ રાજયની સ્થિતિ કહેવાય છે તેટલી સારી નથી. અમદાવાદ અને સુરતની સ્થિતિ હજુ પણ નિયંત્રણમાં નથી. ગ્રામીણ વિસ્તારમાં પણ ચેપગ્રસ્તોની સંખ્યા ધાર્યા કરતા વધારે સપાટી પર આવી છે. એક ને બાદ કરતાં રાજયના બધા જ જિલ્લામાં કોરોનાનો વ્યાપ વિસ્તર્યો છે. છેલ્લા ૬૦ દિવસમાં ફ્રન્ટ લાઈનના કોરોના વોરિયર્સ ગણાતા ૮૪ ડૉકટરો સંક્રમિત થયા છે. અને ૪ તબીબોનો ભોગ પણ લેવાયો છે. ૩૧૨ નર્સ કોરોનાની ઝપેટમાં આવી ગયેલ છે. જેમાં સિવિલના હેડ સહિત ૮ પેરા મેડિકલ સ્ટાફ મોતને શરણે થયા છે.

આજ રીતે ૧૩૫ પોલીસ કર્મીઓ પણ કોરોનાથી સંક્રમિત થયા છે. જેમાંથી ૩ પોલીસ કર્મીઓ મૃત્યુ પામ્યા છે. આ ઉપરાંત ૩ શિક્ષકોના મૃત્યુ પણ કોરોના વોરિયર્સની ભૂમિકામાં થયા છે. આ સમગ્ર લડાઈના આંકડાઓ પ્રત્યેક ગુજરાતીના હૃદયને હચમચાવી દે છે. આમ છતાં તંત્ર સબ સલામતનું બ્યુગલ વગાડે રાખે છે તે ચિંતાનો વિષય છે.

પડકાર ગંભીર છે, સ્થિતિ વિચિત્ર છે, પ્રશ્નોની વણઝાર છે...!! આ બધી વાત સાચી પરંતુ પારદર્શકતા સાથે સૌને વિશ્વાસમાં લઈને ગણતરીપૂર્વક તંત્ર ગંભીર બને તો સમસ્યા હળવી કરી શકાય. અમદાવાદ મેડિકલ એસોસીયેશન તંત્રની કામગીરીને લઈને ન્યાયતંત્રના દરવાજે જાય, સિવિલના વોર્ડમાં દર્દીઓ સારવારની ઉણપોના વીડિયો સોશિયલ મીડિયામાં અપલોડ કરે અને મીડિયા સાચી માહિતી મેળવવા દોડધામ કરે ત્યારે સરકારની ફરજ થઈ પડે છે કે, તમામ ક્ષેત્રે વણસતી સ્થિતિને નિયંત્રિત કરવા સાચી માહિતીનો પ્રસાર કરે. હકીકતોથી મીડિયા દ્વારા પ્રજાને વાકેફ કરે. તંત્ર થાક્યું છે તે સમજાય તેવી વાત છે પરંતુ લડાઈ લાંબી છે,એટલે લાંબી લડાઈનું આયોજન તબક્કાવાર કરીને પ્રજાકીય વિશ્વાસ જાળવવાની તાતી જરૂરી છે હજુ પણ મોડું થાય તે પહેલાં ટેસ્ટીંગનું પ્રમાણ વધારવું જોઈએ. તાબડતોબ વેન્ટીલેટર મંગાવવા જોઈએ. તબીબોની અછત દૂર કરવા ખાનગી ડૉકટરોની સહાય મેળવવી જોઈએ. હોસ્પિટલોની ઊણપો તાત્કાલીક દૂર કરવી જોઈએ અને સતત કાર્યરત ડૉકટરો, પેરા મેડિકલ સ્ટાફ અને પોલીસ કર્મીઓને પ્રોત્સાહક ભથ્થુ આપી તેમનો જુસ્સો ટકાવવો જોઈએ. કોરોનાનો જંગ અઘરો છે અને લાંબો છે એ હકીકત સાથે ગુજરાતને ગ્રીન ઝોનમાં લઈ જવા હવે પુરુષાર્થ કરવો જ રહ્યો.

# બે ભાઈઓનું આકસ્મિક સ્નેહમિલન

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



પ્રાત:કાળ થયો હતો. દ્રૌપદી વૃક્ષની ડાળી પકડીને ઊભી હતી. ભગવતી ગંગાનાં તટ હતો. પવન શીતળ મધુર હતો. વનવાસ દરમિયાન પાંડવો. પાંચ દિવસથી અહીં બાદરિકાયમમાં હતાં.



ઓચિંતો પવનનો વેગ ખૂબ વધી ગયો. પવન - ઈશાન દિશાથી આવતો હતો. પવનમાં સુગંધ ભળવા લાગી. હજાર પાંખડીવાળું એક કમળ હવામાં ફંગોળાતું આવ્યું. દ્રૌપદીએ લઈ લીધું. કમળની સુંદરતા ઉપર એ મોહી પડી. નજીકમાં ભીમ પસાર થયો, એણે કમળ બતાવીને કહ્યું, 'આ કમળ હું યુધિષ્ઠિરને આપું, પરંતુ તમે મને આવાં બીજાં વધુ કમળ લાવી આપો.' દ્રૌપદી યુધિષ્ઠિર પાસે ગઈ.

ભીમે દ્રૌપદીની વિનંતી માન્ય રાખી. એ કમળ સરોવરની શોધમાં નિકળ્યો. ગંધમાદન પર્વતના શિખર સુખી પહોંચ્યો. અહીં કદલીવન હતું. વનની કેડી ઉપર આગળ વધ્યો. પરંતુ એને આશ્ચર્ય થયું. 'એક મોટો વાનર, રસ્તો રોકાઈ જાય, એ રીતે સૂતો હતો.'

ભીમે ખોંખારો ખાંધો, વાનરે આંખ ખોલીને, કહ્યું, 'જોતો નથી ? હું બિમાર છું, અશક્ત છું, વૃદ્ધ છું. મને ઉઠાડે છે?' ભીમે તોછડાઈથી જવાબ આપ્યો. 'નહિ ઉઠાડું. ખસી જા. મારો રસ્તો ખૂલ્લો કર! વાનરે ઉપાય બતાવ્યો.' 'હું ખસી શકું એમ નથી. તું મને ટપીને જતો રહે.' ભીમને એ જ ગમ્યું. 'દરેક પ્રાણીમાં ઈશ્વર રહેલા છે. તને ઓળંગી કેમ શકાય ? બાકી તો હનુમાન મારા મોટાભાઈ છે. મારાથી વધુ પરાક્રમી છે. એ તો પર્વત પણ ઓળંગી જાય.' વાનરે હવે સહેલો ઉપાય બતાવ્યો.' એમ કર. તું મારી પૂંછડી ખસેડી લે. પછી ફરીને જતો રહે.'

ભીમને આ ઉપાય ગમી ગયો. એ પૂંછડી ખસેડવા લાગ્યો. એને આશ્ચર્ય થયું. 'પૂછડી ચસકતી જ નથી.' ખૂબ મહેનત કરી. પરસેવે રેબઝેમ થઈ ગયો. અંતે થાકી એણે હાથ જોડ્યા. 'પ્રભુ! આપને હું ઓળખી નથી શકતો. મારું અભિમાન ચકનાચૂર થઈ ગયું છે.'

વાનપ ઊભો થઈ ગયો. અને કહ્યું, 'વત્સ ભીમ !' હું પોતે જ હનુમાન છું. 'એમણે ભીમને સ્નેહથી આલિંગન આપ્યું, અને કહ્યું, 'શ્રીરામની ચરણ રજ મેળવીને, મને થાય; અવો આનંદ મને આજે છે. તું આવવાનો હતો. એટલે તને આ રીતે મળવાનું મેં આયોજન કર્યું હતું. આ કદલી વનમાં ગંધર્વો અને અપ્સરાઓ શ્રીરામનાં ગીત ગાય છે અને એને આધારે નૃત્ય કરે છે, એટલે હું અહીં રહી ગયો છું.'

ભીમને અતિશય આનંદ થયો. એણે વિનંતી કરી. 'લંકાના પ્રસ્થાન સમયે તમે જે વિરાટ સ્વરુપ ધારણ કર્યું હતું. એનું દર્શન મને આપો.' હનુમાને વિરાટ સ્વરુપ ધારણ કર્યું. ભીમ રોમાંચિત થઈ ગયો. પછી હનુમાન, ભીમની વિનંતી સ્વીકારીન, યથાસ્વરુપ ધારણ કરી લીધું.

એમણે ભીમને ખાતરી આપી - કૌરવો સાથે મહાસંગ્રામ થવાનો છે. એ વખતે, તું સિંહનાદ કરીશ; એમાં હું મારો અવાજ ભેળવીશ. અર્જુનના રથ ઉપર મારું સ્થાન રહેશે.' એણે ભીમને વિદાય આપી અને કહ્યું, 'નજીકમાં પૂર્વદિશામાં કમળ સરોવર છે. ત્યાંથી તને સહસ્રદલ કમળો મળી રહેશે.' ભીમે એમણે પ્રણામ કરીને, વિદાય લીધી...

# 'વિશ્વભંરી અખિલ વિશ્વ તણી જનેતા' સ્તૃતિ કાવ્યના રચયિતા કોણ છે?



ખજાનો
અનિલ પટેલ

## ગુજરાતી સાહિત્ય

૧ 'માબાપને ભૂલશો નહિ' કાવ્યના રચયિતા કોણ છે ?
(અ) પુનિત મહારાજ (બ) દુલાભાયા કાગ
(ક) કવિ ભાણદાસ (ડ) શિવાનંદ સ્વામી

૨ 'મંદિર તારું વિશ્વ રુપાળું' - પ્રાર્થનાના કવિ કોણ છે?
(અ) રમેશ પારેખ (બ) બ ક ઠાકોર
(ક) જયંતીલાલ આચાર્ય (ડ) ઉમાશંકર જોષી

૩ 'જીવન અંજલી થાજો' પ્રાર્થનાના રચયિતા કોણ છે ?
(અ) જયંતી દલાલ (બ) કરશનદાસ માણેક
(ક) ઉમાશંકર જોષી (ડ) બાલમુકુંદ દવે

૪ 'દરિયાને તીરે એક રેતીની ઓટલી' બાળકાવ્યના કવિ કોણ છે ?
(અ) કેશવલાલ ત્રિવેદી (બ) જોસેફ મેકવાન
(ક) ભગવતીકુમાર શર્મા (ડ) સુંદરમ્

૫ 'વિશ્વભંરી અખિલ વિશ્વ તણી જનેતા' સ્તૃતિ કાવ્યના રચયિતા કોણ છે ?
(અ) હરિન્દ્ર દવે (બ) સ્વામી યોગાનંદ
(ક) કેશવલાલ ત્રિવેદી (ડ) શ્રદ્ધાનંદ

૬ 'પ્રભુજીને પડદામાં રાખમા' - પ્રાર્થનાના રચયિતા કોણ છે?
(અ) ઈન્દુલાલ ગાંધી (બ) લાભશંકર ઠાકર
(ક) રાજેન્દ્ર શાહ (ડ) રાવજી પટેલ

૭ 'ત્યાગ ન ટકે રે વેરાગ વિના' કાવ્યના રચયિતા કોણ છે ?
(અ) રઘુવીર ચૌધરી (બ) હરિહર ભટ્ટ
(ક) સિતાંશુ યશચંદ્ર (ડ) નિષ્કુલાનંદ

૮ 'આપણો ઘડીક સંગ' ના લેખક કોણ છે?
(અ) દિગીશ મહેતા (બ) પન્નાલાલ પટેલ
(ક) રાવજી પટેલ (ડ) પિતાંબર પટેલ

૯ 'સાહ્યબો મારો ગુલાબનો છોડ' ગીતના રચયિતા કોણ છે ?
(અ) જયંતીલાલ આચાર્ય (બ) હરિહર ભટ્ટ
(ક) ગૌતમ શર્મા (ડ) હરિન્દ્ર દવે

૧૦ 'ઘટમાં ઘોડા થનગને આતમ વીંઝે પાંખ' કયા કવિના કાવ્યની પંક્તિ છે ?
(અ) કવિ નર્મદ (બ) અખો ભગત
(ક) મનુભાઈ પંચોળી (ડ) ઝવેરચંદ મેઘાણી

૧૧ 'આ નભ ઝુક્યુ તે કાનજી' કાવ્યના કવિ કોણ છે ?
(અ) પ્રિયકાન્ત મણીયાર (બ) પ્રેમાનંદ
(ક) કરશનદાસ માણેક (ડ) નર્મદ

૧૨ 'એક જ દે ચિનગારી' કાવ્યના કવિ કોણ છે ?
(અ) સુંદરમ્ (બ) હરિહર ભટ્ટ
(ક) કરશનદાસ માણેક (ડ) ઈન્દુલાલ ગાંધી

૧૩ 'પીળા રુમાલની ગાંઠ' નવલકથાના સર્જક કોણ છે ?
(અ) પ્રિયકાન્ત મણીયાર (બ) કુંદનીકા કાપડિયા
(ક) હરકિશન મહેતા (ડ) અનિલ જોષી

૧૪ 'ત્યાગ ન ટકે રે વેરાગ્ય વિના' ના રચિયતા કોણ છે ?
(અ) સ્વામી રામાનંદ (બ) બ્રહ્માનંદ
(ક) પુનીત મહારાજ (ડ) નિષ્કુળાનંદ

૧૫ 'પાણીનું પાર્સલ' એ કોની નવલકથા છે ?
(અ) ગૌતમ શર્મા (બ) હરીન્દ્ર દવે
(ક) જોસેફ મેકવાન (ડ) દીગીશ મહેતા

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

**૨૯ મે : (યુ એન પીસ કીપીંગ ડે)**
અભય દીવાના શોધક સર હેન્રી ડેવિનું નિધન (૧૮૨૯)
૧૯૮૦નો રણજિતરામ સુવર્ણ ચંદ્રક વિજેતા સાહિત્યકાર ધીરુબેન પટેલનો જન્મદિવસ (૧૯૨૬)
ન્યુઝીલેન્ડના એડમન્ટ હીલેરી તથા નેપાળના શેરપા તેનસિંગે માઉન્ટ એવરેસ્ટ પ્રથમવાર સર કર્યો (૧૯૫૩)
ફિલ્મ ઉદ્યોગ જગતના પૃથ્વીરાજ કપૂરનું અવસાન (૧૯૦૧)

- **30 મે :**
- ફ્રાન્સની સ્વાતંત્ર્ય દેવી જોન ઓવ આર્કનું નિધન (૧૪૩૧)
- જાણીતા સાહિત્યકાર સુરેશ જોષીનો જન્મદિવસ (૧૯૨૧)
- દમદાર અભિનેતા પરેશ રાવલનો જન્મદિવસ (૧૯૫૦)
- કોર્પોરેટ ઈન્ડિયાના હેન્ડસમ હન્ક નેશ વાડિયાનો જન્મદિવસ (૧૯૭૦)

- **3૧ મે : વિશ્વ તમાકુ વિરોધી દિવસ**
- ફિલ્મ સંગીતકાર અનિલ બિશ્વાસનું નિધન (૨૦૦૩)
- ગુજરાતી ગઝલના ભીષ્મ પિતામહ હરજી લવજી દામાણી 'શયદા'નું નિધન (૧૯૬૨)
- સર્વશ્રેષ્ઠ સ્પીનર સુભાષ ગુપ્તેનું નિધન (૨૦૦૨)
- ભગવતીકુમાર શર્માની જન્મજયંતિ (૧૯૩૪)

- **૧ જુન :**
- સાહિત્યકાર સરોજ પાઠકનો જન્મદિવસ (૧૯૨૯)
- થોમસ આલ્વા એડીશને વોટીંગ મશીનની પેટન્ટ મેળવી (૧૮૬૯)
- ઈસ્ટ ઈન્ડિયા કંપની ભંગ કરવામાં આવી (૧૮૭૪)
- ભારતમાં અસ્પૃશ્યતાનો કાયદો લાગુ કરવામાં આવ્યો (૧૯૫૫)

- **૨ જુન :**
- અંગ્રેજી સાહિત્યના ખ્યાતનામ નવલકથાકાર થોમસ હાર્ડીનો જન્મદિવસ (૧૮૪૦)
- ઓપરેશન બ્લ્યુ સ્ટારનો આરંભ (૧૯૮૪)
- સુપર સ્ટાર રાજકપૂરનું નિધન (૧૯૮૮)
- માર્કોની એ રેડિયોની પેટન્ટ મેળવી (૧૮૯૬)

- **3 જુન :**
- યોગીજી મહારાજનો જન્મદિવસ (૧૮૯૨)
- તમિલનાડુના પાંચ વાર મુખ્યમંત્રી રહી ચુકેલા પ્રખર રાજનેતા એમ. કરુણાનીધીનો જન્મદિવસ (૧૯૨૪)
- ભારતના ઈતિહાસવિદ સરકાર કે એમ પાનીકરનો જન્મદિવસ (૧૮૬૭)
- લીપીશાસ્ત્રના ધુરંધર વિદ્વાન મુનિશ્રી જિનવિજયની પુણ્યતિથિ (૧૯૭૬)

- **૪ જુન :**
- ગુજરાત સાહિત્ય પરિષદના સ્થાપક રણજીતરામ મહેતાનું નિધન (૧૯૧૭)
- મખમલી અવાજના માલિક ગાયલ એસ.પી. બાલાસુબ્રહ્મણ્યનો જન્મદિવસ (૧૯૪૬)
- સંદેશા વ્યવહાર માટેનો ઉપગ્રહ - ૨ડીને પ્રસ્થાપિત કરાયો (૧૯૯૬)
- ઘનશ્યામ ઓ દેસાઈની જન્મજયંતિ (૧૯૩૪)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**વિશ્વ પર્યાવરણ દિવસ કઈ તારીખે ઉજવાય છે ?**

**જવાબ : ૫ જૂન**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મીત પી પટેલ : સે-૨૩ (૨) શિવાંગ બી પટેલ : સરસાગસણ (૩) હાર્દિક મકવાણા : સે-૨૪ (૪) રુચિત પટેલ : ગાયત્રી રેસી. ધોળેશ્વર પાસે (૫) મહેશ એમ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૬) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૭) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૮) નટુભાઈ દરજી : પેથાપુર

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં કયા સનદી અધિકારીને અમદાવાદના કમિશનર પદેની હટાવાવામાં આવ્યા ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સફળતાના સિદ્ધાંતની શ્રેણી : પ્રથમ માસ્ટરમાઈડનો સિદ્ધાંત !!

આજના યુગમાં સૌથી વધારે સફલતા કોઈ પુસ્તકોને મળી હોય તે નિ:શંકપણે 'સફળતા' વિષયના પુસ્તકોને. આપણે અહીં સફલતાના સાદા સાદા સિદ્ધાંતોની શ્રેણી લઈશુંકે જે સફળતાની સીડીનાં પગથિયાં હશે. આપણે સૌએ જોયું છે કે સફળ કંપનીઓ, ધંધાર્થીઓ.... બહુ સ્પષ્ટ રીતે એક ધ્યેય મિશન નક્કી કરતાં હોય છે કે જે કંપનીના માલિકથી લઈને નાનામાં નાના કર્મચારીઓ બધા જ માટે એક જ હોય છે. આ સફલતા પાછળનો જે સિદ્ધાંત કામ કરે છે તે 'માસ્ટર માઈન્ડનો સિદ્ધાંત...'



ચોક્કસ હેતુને લક્ષમાં રાખીને, સંપૂર્ણ સાંવાદિતા (હાર્મની) માં કાર્ય કરતા બે કે વધુ વ્યક્તિઓના દિમાગનો સમન્વય...

માસ્ટર માઈન્ડ એ માનસિક તાલમેલ (મેન્ટલ કેમિસ્ટ્રી) જ છે. વિખવાદ વગર, સંવાદિતાથી જૂથમાં એક ગોલ સાધવામાં આ 'માસ્ટર માઈન્ડ' બહુ જ શક્તિશાળી બળ તરીકે ઉપયોગી છે. મનની અપાર શક્તિથી આપણે પરિચિત છીએ, અહીં અનેક મનના મેળ થકી, અનેકોગણી અપારશક્તિનો પ્રયોગ વિચારાયેલ છે.

સફલતા એ તીવ્ર ઈચ્છા - આકાંક્ષાથી શરૂ થાય છે. આકાંક્ષા તમામ માનવીય સિદ્ધિ - સફળતાનું આરંભબિંદુ છે. 'મન જે કાંઈ ધારણ કરી શકે તથા માની શકે, તે સિદ્ધ કરી શકાય છે !!' અને સંવાદિતાથી કામ કરતાં મનથી સર્જાય છે માસ્ટરમાઈન્ડ !!

કેટલાક પ્રેરણાત્મક બળો છે કે જે એક અથવા બધા થકી, માટે તીવ્ર મહ્ત્વાકાંક્ષા ઊભી થાય છે અને બિલ ગેટ્સ , ઝુકરબર્ગ, સ્ટીવન સ્પીલબર્ગ, ધીરુબાઈ અંબાણી, મુકેશ અંબાણી... જેવા સફળત્તર લોકો જન્મે છે. આત્મરક્ષણ, ડર, પ્રેમ, સંભોગ, મૃત્યુ પછીના જીવનની આકાંક્ષા, મન તથા તન માટેની આઝાદી, ક્રોધ, ધિક્કાર, માન્યતા તથા સ્વ અભિવ્યક્તિ માટેની ઈચ્છા, ધનસંપત્તિ જેવા પ્રેરણાત્મક બળોમાંથી આપણે પોતાની જાત માટે શોધી કાઢવાનું છે કે કયો પાયાનો હેતુ મને પ્રેરણા આપે છે?

મોટી સફલતા માટે, મગજમાં મજબૂત હેતુ (ગોલ) સ્થાપો !!! જુદા જુદા હેતુઓ વચ્ચે અટવાવવું ના જોઈએ. પૈસા અને કીર્તિની ઈચ્છા સાથે સુરક્ષા અને પરિચિતતા પણ ઈચ્છો તો.... જલ્દી સફળ ના થવાય... શક્તિ બે પ્રકારની છે... માનસિક શક્તિ (જે વિચાર પ્રક્રિયાથી મળે છે) અને ભૌતિક શક્તિ (જે વીજળી, ઊર્જા, ગુરુત્વાકર્ષણ, વરાળનું દબાણ વગેરે કુરરતી નિયમોથી વ્યક્ત થાય છે.)

વિચારતરંગો એ વાયરલેસ તરંગો (ઈન્ટરનોટ, સોલફોન, એમઆઈઆર) જેવા જ છે. મનનો તાલમેલ (કેમિસ્ટ્રી ઓફ માઈન્ડ) સહજ રીતે જોઈ શકાતો હોય છે. દરેક મનનું એક વિદ્યુત ક્ષેત્ર હોય છે. બે અથવા વધારે મનના સંપૂર્ણ સંવાદિતા વાળા આત્મા સંમિશ્રણને સાથે લાવીને માસ્ટર માઈન્ડ સર્જી શકાય છે. આ સંવાદિતાભર્યા સંમિશ્રમમાંથી,મનની કેમિસ્ટ્રી ત્રીજું મન સર્જે છે... જેનો ઉપયોગ એક અથવા બધાં જ વ્યક્તિગત મન દ્વારા કરી શકાય. જયાં સુધી મનો વચ્ચે મૈત્રીપૂર્ણ, સંવાદી, સુમેળ-સહકાર ચાલુ રહે ત્યાં સુધી માસ્ટર માઈન્ડ પ્રાપ્ત રહેશે. જે ક્ષણે મૈત્રીપૂર્ણ જોડાણ તૂટશે તે જ ક્ષણે તે છિન્નભિન્ન થઈ જશે. બેસુમાર પ્રેરણા, વધેલી સર્જનાત્મકતા, સુલઝેલી સમસ્યાઓ, પુષ્કળ ઉત્સાહ અને કાર્યક્ષેત્ર કર્મ.... આ બધાં માસ્ટર માઈન્ડનાં અનોખા લાભો છે. જયાં અને જયારે પણ એક વ્યાપાર, નાણાંતંત્ર અથવા ઉદ્યોગ અથવા વ્યવસાયો માંના કોઈની પણ આગળ પડતી સફળતા જોવા મળે ત્યારે ખાત્રીપૂર્વક એની પાછળ કોઈ વ્યક્તિ છે જેણે મનની કેમિસ્ટ્રીનો સિદ્ધાંત લાગુ કર્યો છે. જેના દ્વારા એક 'માસ્ટર માઈન્ડ'નું સર્જન થયું છે.

મેન પાવર એ સંયોજીત જ્ઞાન છે જે બુદ્ધિપૂર્વકની ક્રિયાઓથી વ્યકત્ થાય છે. કોઈ કામમાં રોકાયેલ તમામ લોકો પોતાનું જ્ઞાન અને પોતાની ઉર્જાને સંપૂર્ણ સંવિદાતામાં સંયોજન ન કરે ત્યાં સુધી સંયોજીત ન કહી શકાય. સંવાદિતાના કેન્દ્રબિંદુની આસપાસ 'માસ્ટર માઈન્ડ' મનની અવસ્થા વિકસાવી જોઈએ. મનની શક્તિ અને સંવાદિતાની શક્તિ બંને સફળતાના સર્જક માટે આવશ્યક છે. આ છે સફળતાનો પહેલો સિદ્ધાંત - માસ્ટર માઈન્ડ !!

**- નિમેષ રાવલ**
**મો. ૯૮૭૯૫૨૮૭૦૨**